**રેગ્યુ.દિવાની મુકદ્દમા નંબર ૪૧૮ / ૨૦૨૩**

## –:: આંક–૫ લગત હુકમ ::–

(૧) સદર દાવો વાદીએ વિજ્ઞાપન, આદેશાત્મક તથા કાયમી મનાઇ હુકમ મેળવવા માટે તા.૦૯/૦૧/૨૦૨૩નાં રોજ કરેલ છે અને સદર અરજ સીવીલ પ્રોસીજર કોડનાં ઓર્ડર ૩૯, રૂલ ૧-૨ તથા કલમ ૧૫૧ મુજબ કામચલાઉ મનાઇ મેળવવા આપવામાં આવેલ છે. સદર દાવાના કામે સદરહું હુકમ આંક–૫ ની અરજી લગત હોઈ તેથી અરજીની હકીકતો દોહરાવવામાં આવેલ નથી.

પ્રતિવાદીઓને યોગ્ય રીતે પ્રોસેસ બજી જતાં પ્રતિવાદી તરફે તેઓનાં વિ.વ.શ્રી મારફતે હાજર થઇ જયારે પ્રતિવાદી નં.૧ અને ૨નાંએ આંક : ૩૪થી લેખિત જવાબ રજુ કરી દાવા તથા મનાઇ અરજીની હકીકતો ઇન્કાર કરી ખરી હકીકતે જણાવેલ જેની ટુંક હકીકતો જોઇએ તો, વાદીએ પ્ર તિવાદી નં. ૧ થી ૪નાં જે આંતરીક પત્ર વયવહારનાં પત્રો રજુ કરેલ છે તે પત્રો કોઇ હરીભાઇ મોહનભાઇને સંબોધીને લખાયાનું જણાય છે તે હરીભાઇ મોહનભાઇ આ દાવાનાં પક્ષકાર નથી. વાદીએ આવા પત્રો ના.કોર્ટમાં રજુ કરવા માટે પ્રતિવાદી નં. ૧ થી ૪ની કોઇ પુર્વ મંજુરી લીધેલ નથી અને તે સંબધનો પુરાવો નામદાર કોર્ટ સમક્ષ રજુ કરેલ નથી. દાવામાં તેવા પત્ર વયવહારનો કોઇ પુરાવાનો તેમાં કોઇ ઉલલેખ કરેલ નથી તેથી આવા તમામ પત્રો વાદીએ ગેરકાયદેસર રીતે ના.કોર્ટ સમક્ષ રજુ કરેલ છે તેથી મનાઇ હુકમ અરજી સાથે વાદીએ દાદ મેળવવા માટે કહેવાતાં પત્ર વયવહારો ના.અદાલતમાં રજુ કરી ખોટો દાવો કરેલ છે તેથી પણ વાદીનો દાવો રદ કરશોજી. વધુમાં જણાવેલ છે કે, પ્રતિવાદી નં. ૩ અને ૪નાંને પ્રતિવાદી નં. ૧ અને ૨નાં નિગમ તરીકે પક્ષકાર તરીકે જોડવામાં આવેલ છે મુળ દાદ પ્રતિવાદી નં. ૩ અને ૪ની સામે માંગવામાં આવેલ નથી અને પ્રતિવાદી નં. ૩ અને ૪નાંઓએ આપેલ જવાબ અટોપ્ટ કરેલ હોવાનુ જણાવેલ છે.

જયારે પ્રતિવાદી નં.૩ અને ૪નાંએ આંક : ૨૮થી લેખિત જવાબ રજુ કરી દાવા તથા મનાઇ અરજીની હકીકતો ઇન્કાર કરી ખરી હકીકતે જણાવેલ જેની ટુંક હકીકતો જોઇએ તો, ધી ગુજરાત મેરી ટાઇમ બોર્ડ એકટ-૧૯૮૧ની કલમ ૧૦૭ની જોગવાઇ મુજબ ગુજરાત મેરી ટાઇમ બોર્ડનાં સંબધીત અધિકારી અને ગુજરાત મેરી ટાઇમ બોર્ડને તેમની સામે દાવો લાવતાં પહેલા નોટીસ આપવાની ફરજીયાત સ્વરૂપની જોગવાઇઓ છે અને વાદીએ તેવી કોઇ નોટીસ આપી હોવાનું જણાવેલ નથી જેથી વાદીનો દાવો મેઇનટેનેબલ એટ લો ન હોવાથી હાલનો દાવો લાવી શકાતો નથી. વધુમાં ગુજરાત મેરી ટાઇમ બોર્ડ તથા તેનાં સંબધીત અધિકારીઓ સામે વાદીની સો દ્રેશપુર્ણ રીતે કાર્યવાહી

કરી રહયા છે તેવો પણ કોઇ આક્ષેપ નથી કે તે સંબધીત કોઇ પુરાવા રજુ કરેલ નથી જેથી દાવો કાયદામાં ગ્રાહય રહેવાને પાત્ર નથી. વધુમાં જણાવેલ છે કે, સને ૧૯૬૩ની સાલમાં તત્કાલીન સરકારનાં બંદર ખાતા તરફથી સવાલવાળી જમીન ફાળવવામાં આવેલ પરંતુ આવી જમીન ફાળવણી સંબધે અને તે જમીન ફાળવણી બાદ આજસુધી વાદીએ કોઇ નાણાં સરકારી કચેરીમાં ભર્યા બાબતે કોઇ દસ્તાવેજી પુરાવાનો ઉલલેખ કરેલ નથી કે તેવા દસ્તાવેજી પુરાવાઓની નકલો રજુ રાખેલ નથી. વાદીએ તે વખતનાં ગુજરાત સરકારનાં બંદર ખાતાનાં ભાવનગરનાં બંદર અધિકારી દ્રારા તેમને સવાલવાળી જમીન ફાળવવામાં આવેલ હોવા અંગેની રજુઆત કરેલ છે પરંતુ વાદીએ અધાર પુરાવાઓ તરીકે રજુ રાખેલ કોઇપણ દસ્તાવેજી પુરાવામાં કઇ ચોકકસ વયકિતને જમીન ફાળવવામાં આવી છે તે હકીકત વાંચી શકાતી નથી તેવી રીતે ચોકકસ કેટલા માપની જમીન ફાળવવામાં આવેલ તે હકીકત પણ દસ્તાવેજી પુરાવામાંથી વાંચી શકાતી નથી. જયારે વાદીએ રજુ પુરાવામાં ૧૦ ચો.મી. યાને ૯.૨૯૦.૩ ચો.મી. જમીન ફાળવવામાં આવેલી છે તેનું ભાડુ દર દસ ચો.મી.દીઠ રૂા. ૫૦/- દર્શાવેલુ છે. આ જમીનની ફાળવણી વાદીનાં કહેવા મુજબ તા.૧૨/૭/૬૩ નાં રોજ કરવામાં આવેલી છે અને વાદીનાં કહેવા મુજબ તા.૧/૪/૬૩ થી તા.૩૧/૩/૬૪ સુધીનું આ ફાળવણીપત્ર એલોટમેન્ટ ઓર્ડર છે, આમ આ જમીનનું આ પત્રમાં દર્શાવયા મુજબનું કોઇ ભાડુ ભરવામાં આવયા અંગેની કોઇ પહોંચ વાદીએ રજુ કરેલ નથી અને ત્યારબાદ શરૂ કરી દાવો દાખલ કર્યો ત્યાં સુધીનાં સમય સુધીમાં વાદીએ કોઇ ભાડુ ભર્યુ હોય તો તેનો કોઇપણ દસ્તાવેજી આધાર પુરાવો રજુ રાખેલો નથી. તા.૩૧/૩/૬૪ પછી જમીન વાદીને કે વાદીનાં કોઇ પુર્વજોને ફાળવણી કરી રીન્યુ કરવામાં આવેલ હોય તો તે અંગે કોઇપણ દસ્તાવેજી પુરાવો તેઓએ રજુ રાખેલ નથી. આમ, વાદી આશરે ૫૯ વર્ષનાં સમયગાળા બાદ તેમની આ તકરાર લઇને આવયા છે. જમીનનાં કબજા સંબધે સરકાર માનય કોઇ દસ્તાવેજી પુરાવાનો ઉલલેખ સુધધા દાવા અરજી કે મનાઇ અરજીમાં વાદીએ કરેલ નથી અને તે સંબધી કોઇ જ દસ્તાવેજી પુરાવાઓ પણ રજુ કરેલ નથી. જેથી વાદીનો દાવો રદ થવાને પાત્ર છે.

વધુમાં જણાવેલ છે કે વાદીએ રજુ કરેલ દસ્તાવેજોની નકલ હરીભાઇ મોહનભાઇ ગોહેલને પ્ર તિવાદી નં. ૧ અને ૨ તરફથી પુરી પાડવામાં આવેલ હોય તો તે અનુસંધાને વિશેષમાં આ હરીભાઇ મોહનભાઇ ગોહેલે ભાવનગરનાં એડી.સીની.સીવીલ જજ સાહેબની કોર્ટમાં રે.દી.કેસ નં.૨૯૬૩/૧૯થી વિજ્ઞાપન, આદેશાત્મક હુકમ, કાયમી મનાઇ હુકમ તથા વચગાળાનાં મનાઇહુકમનો દાવો પ્રતિવાદી નં. ૩-૪ સામે લાવેલા છે જેમાં તા.૩/૩/૨૧નાં રોજ વચગાળાની

અરજ નામંજુર કરતો હુકમ કરેલ છે તેની સામે વાદીએ પર.દીવાની અપીલ નં.૬/૨૦૨૧થી અપીલ કરેલ તે અપીલ પણ બીનશરતી વિથડ્રો કરેલ છે અને તે દાવો હાલ પુરાવા માટે પેનડીગ છે.

વધુમાં વિશેષમાં જણાવેલ છે કે, પ્રતિવાદી નં. ૩ અને ૪નાંએ પ્રતિવાદી નં.પની તરફેણમાં જુના બંદર ખાતે આવેલ પ્રતિવાદી નં.૩ -૪ની માલીકીની જમીન ૬૦ × ૩૦ _ ૧૮૦૦ ચો.મી.નાં ખુલલા વિસ્તાર સંબધેનું લીઝ ડીડ પ્રતિવાદી નં.પનાંએ એસ.ઓ.સી.પી.મુજબ નિયત ભાડુ અને જુદી જુદી રકમો ભરી આપતા તા.૨૬/૨/૨૨નાં રોજ એક લીઝ ડીડ કરી આપેલ છે જે પ્રતિવાદી નં. ૩ અને ૪ કબુલ કરે છે અને આ લીઝ ડીડ તા.૨૬/૨/૨૨ થી તા.૩૧/૧૨/૨૬ સુધીનાં સમયગાળાનો છે જે જાહેર કરેલ છે. વધુમાં જણાવેલ છે કે, ૧૯૫૪ કે ૧૯૬૩ની સાલમાં ભારત સરકાર તરફથી વાદીને વાદી જણાવે છે તેવી કોઇ જમીન ફાળવયાની હકીકત ખોટી છે સમગ્ર દેશમાં વાદી જણાવે છે તેવો કોઇ કાયદો અમલમાં નથી વાદીએ મનઘડત રજુઆત કરી દાવો લાવે છે. વધુમાં જણાવેલ છે કે ગુજરાત મેરી ટાઇમ બોર્ડનું સંચાલન ગુજરાત સરકારશ્રી દ્વારા કરવામાં આવે છે અને તમામ બંદરો કંડલા અને વાદીનાર સિવાય નો સંચાલન અને વહીવટ અને પ્રક્રિ યાઓ તેમનાં હસ્તક રહેલી છે. વાદી જે સવાલવાળી જમીન સંબધે દાવો તકરાર લઇને આવેલ છે તે જમીન પ્રતિવાદી નં.૩ અને ૪ની માલીકીની જ છે કારણ કે વાદી પોતે જ નિ.૪/૧ની હકીકત લઇ આવેલ છે જે હકીકત પુરવાર થાય છે કે વાદીને ૧૯૬૩/૬૪માં ફાળવેલ પોર્ટ હસ્તકની જમીન ગુજરાત મેરી ટાઇમ બોર્ડને ગુજરાત સરકાર દ્વારા હસ્તાંતરીત થયેલ અને પ્રસ્થાપિત થયેલ છે તેવી આવી જમીન સંબધે તમામ વહીવટ કરવા , કરારો કરવા, કોનટ્રાકટ કરવા, અને તેનો તમામ ઉપયોગ કરવા પ્રતિવાદી નં.૩ -૪નાં કાયદેસરનાં ગુજરાત વિધાન સભામાં ઘડેલા કાયદા અનુસાર માલીક છે અને તે રીતે આ બોર્ડ આવી મીલકતો સંબધે ઉપયોગ માટે શીડયુલ ઓફ પોર્ટ ચાર્જીસનાં દરો નકકી કરવા હકકદાર છે. ગુજરાત મેરી ટાઇમ બોર્ડ એકટ ૧૯૮૧ની જોગવાઇઓ મુજબ પ્રતિવાદી નં.૩ અને ૪નાં કાયદેસરની કાર્યવાહીઓ કરી રહેલ છે અને પ્રતિવાદી નં.પની તરફેણમાં કાયદાની જોગવાઇઓ મુજબ જ કાર્યવાહી કરી નાણાં વસુલ લઇ જમનીનની ફાળવણી કરી તે અનુસંધાને લીઝનાં કાયદેસરનાં કરારો કરેલ છે. વાદીએ પત્રો / દસ્તાવેજોનો ગેરકાયદેસર રીતે સરકારશ્રીની મંજુરી લીધા વિના તેનો ઉપયોગ આ દાવામાં કરેલ છે જેથી આવા દસ્તાવેજી પુરાવો કબુલ રાખતા નથી અને વાદી જણાવે છે તેવું સમશાનની જમીન કે રેલવે પસાર થતી હોવ તેવી જમીનો વાદીનાં જણાવયા પ્રમાણે વાદગ્રસ્ત જમીન છે તેનાથી દોઢ બે કિ.મી દુર છે આમ વાદીની ખોટી હકીકતોને ગેરકાયદેસર રીતે સમર્થન મળે તે માટે વાદીએ સત્ય રહીત, તથય વગરની

રજુઆતો પ્રમાણીતા સિવાયનાં ઈરાદાથી કરી ના.અદાલતનો સહાનુભુતિ મેળવવાનો ગેરકાયદેસર પ્રયાસ કરેલ છે જેથી દાવો રદ થવાને પાત્ર છે.

જયારે પ્રતિવાદી નં. ૫ તરફે આંક : ૩૦થી લેખિત જવાબ રજુ કરેલ જેમાં દાવા અરજી તથા મનાઇ અરજની તમામ હકીકતો નો ઇન્કાર કરી ખરી હકીકત જણાવેલ છે જેની ટુંક હકીકત જોઇએ તો, વાદી જણાવે છે તેવો ગુજરનાર નાનુભાઇને આવો કોઇ માર્ક ૪/૧ને દસ્તાવેજ ઇસ્યુ કરવામાં આવેલ નથી પરંતુ વાદીને કોઇ અનય કાગળનો સહારો લઇ આવો ખોટો અને બનાવટી દસ્તાવેજ ઉભો કરી ના.અદાલત સમક્ષ રજુ કરેલ છે જે કબુલ રાખતા નથી. જયારે તેમાં જણાવેલ સમયગાળો પુર્ણ થઇ ગયેલ છે. વાદીનો કાયદેસરનો કબજો હોય અને તેઓને મેરી ટાઇમ બોર્ડ અથવા બંદર વિભાગ તરફથી આવી કોઇ જમીન ફાળવવામાં આવેલ હોય અને આજસુધી તેઓનો કોઇ કબજો કાયદેસરનો હોય તેવા કોઇ જ દસ્તાવેજ રજુ કરેલ નથી. વાદી ફકત પૈસા પડાવવાનાં હેતુથી જ આ દાવો લાવેલ છે. માપ, ચતુરદિશા પણ તે દસ્તાવેજમાં જણાવેલ નથી વધુમાં જણાવેલ છે કે, અગાઉ વાદીની જેવો જ રે.દી.મુ.નં.૨૯૬૩/૨૦૧૯ લાવેલા તે માં આંક : ૫ની અરજી નામંજુર કરેલ છે જેથી વાદીએ ફરીવાર નવેસરથી બીજો દાવો ઉભો કરેલ છે. વધુમાં જણાવેલ છે કે સદરહુ જમીન સંબધેનાં લીઝ એગ્રીમેનટ પ્રતિવાદી નં. ૩ અને ૪ પાસેથી કરાવેલ છે અને સદરહું જગયાનો કબજો મેળવેલ છે જે જાહેર કરેલ છે અને નિયમો મુજબ રકમો ભરપાઇ કરેલ છે અને ધંધો શરૂ કરેલ છે અને આજની તારીખે પણ ધંધો ચાલુ છે અને સદર જમીન તેઓનાં કબજામાં છે અને કોઇપણ જાતનાં રોકટોક વગર સતત અને અંભંગ અવિરત અટકાયત રૂકાવત વગરનો કબજો પ્રતિવાદી નં.૫નાં આજની તારીખે પણ કાયદેસર રીતે ભોગવતાં આવેલ છે જે જાહેર કરેલ છે. વાદી પોતે માછીમાર હોવાનું જણાવેલ છે પરતું સરકારશ્રી દ્વારા કોઇ માછીમાર સંબધેનું લાયસનસ આપવામાં આવેલ હોય તેવું કોઇ લાયસનસ પણ રજુ કરેલ નથી અને જે દસ્તાવેજો રજુ કરેલ છે તેવા તમામ દસ્તાવેજોની ઇનકારી કરેલ છે અને દાવો રદ કરવા જણાવેલ છે.

(૨) સદર કામે વાદી તરફે આંક : ૦૪નાં રજુ કરેલા દસ્તાવેજો ધ્યાને લેતાં, નિશાની ૪/૧થી નાનુ ગંભીરને ફાળવવામાં આવેલ એલોટમેનટ પત્રની નકલ. નિશાની ૪/૨થી પ્રતિવાદી નં.૪નાં એ વાદી નં.૧ને લખેલ પત્રની નકલ. નિશાની ૪/૩થી સાગર ભારતી મારછીમાર મંડળ નાં પ્રમુખ/મંત્રીનાં ઓએ આવેદન પત્ર તા.૪/૬/૨૨૨નાં પ્રતિવાદી નં.૨ અને પ્રાંત કલેકટર ભાવનગર વિગેરેને આપેલ છે તેની નકલ રજુ કરેલ છે. નિશાની ૪/૪થી વાદી નં.૨/૨નાંઓએ પ્રાંત કલેકટરશ્રી, કલેકટર કચેરી, ભાવનગરને તા.૧૮/૭/૨૨નાં રોજ વાંધા અરજ આપેલ તેની સ્થળપ્રત રજુ કરેલ છે. નિશાની ૪/૫થી

બંદર અધિકારી, ભાવનગર, બંદરો તરફથી વાદી નં.૧ને આપેલ આખરી નોટીસ રજુ કરેલ છે. નિશાની ૪/૬થી એજન નોટીસનો જવાબ વાદી નં.૧એ આપેલ તેની સ્થળપ્રત રજુ કરેલ છે. નિશાની ૪/૭થી ચીટનીશ ટું કલેકટર, ભાવનગરનાંઓએ તા.૧૮/૪/૨૨નાં રોજ કાર્યપાલક ઇજનેરશ્રી, સિંચાઇ વિભાગ, ભાવનગરને લખેલ પત્ર ની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે. નિશાની ૪/૮થી વાદી નં.૨/૨નાંઓએ કલેકટરશ્રી, કલેકટર કચેરી, ભાવનગરને તા.૯/૯/૨૨નાં રોજ વાંધા અરજ આપેલ તેની સ્થળપ્રત રજુ કરેલ છે. ૪/૯થી ચીટનીશ ટું કલેકટર, ભાવનગરનાંઓએ તા.૧૫/૯/૨૨નાં રોજ સીટી મામલતદાર ભાવનગર અને બંદર અધિકારી, ભાવનગરને લખેલ પત્ર ની નકલ રજુ કરેલ છે. નિશાની ૪/૧૦ થી ચીટનીશ ટું કલેકટર, ભાવનગરનાંઓએ તા.૧૮/૪/૨૨નાં રોજ ડીવીઝનલ રેલવે મેનેજરશ્રી, પશ્ચિમ રેલવે, ભાવનગરને લખેલ પત્ર ની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે. નિશાની ૪/૧૧થી ચીટનીશ ટું કલેકટર, ભાવનગરનાંઓએ તા.૧૮/૪/૨૨નાં રોજ ટાઉન પલાનીગ ઓફીસરશ્રી, ભાવનગરને લખેલ પત્ર ની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે. નિશાની ૪/૧૨થી ચીટનીશ ટું કલેકટર, ભાવનગરનાંઓએ તા.૧૮/૪/૨૨નાં રોજ સીટી મામલતદાર અને ડી.આઇ.એલ.આર, ભાવનગરને લખેલ પત્ર ની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે. નિશાની ૪/૧૩થી ચીટનીશ ટું કલેકટર, ભાવનગરનાંઓએ તા.૧૮/૪/૨૨નાં રોજ બંદર અધિકારીશ્રી, ગુજરાત મેરીટાઇમ બોર્ડ, ભાવનગરને લખેલ પત્ર ની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે. નિશાની ૪/૧૪ થી બંદર અધિકારીશ્રી, ગુજરાત મેરીટાઇમ બોર્ડ, ભાવનગરનાં ફાળવણી હુકમ ની ઝેરોક્ષ નકલ નિશાની ૪/૧૫થી સાગર ભારતી મારછીમાર મંડળ નાં પ્રમુખ/મંત્રીનાં ઓએ ગંગાજળીયા પો.સ્ટે.આપેલ ફરીયાદની નકલ રજુ કરેલ છે. નિશાની ૪/૧૬થી સાગર ભારતી મારછીમાર મંડળ નાં પ્રમુખ/મંત્રીનાં ઓએ જીલલા કલેકટરશ્રી, ભાવનગર અને ડી.એસ.પી., સાહેબશ્રી, ભાવનગરને આપેલ આવેદનપત્રની સ્થળપ્રત રજુ કરેલ છે. નિશાની ૪/૧૭ વાદીઓ વચચેના કરારની ઝેરાક્ષ નકલ રજુ કરેલ છે. નિશાની ૪/૧૮થી જીવાભાઇ કાળુભાઇ પરમારનાં પેઢીઆબાની નકલ રજુ કરેલ છે. નિશાની ૪/૧૮થી મોજે ખારનાં સ્ક ેચ નકશાની નકલ રજુ કરેલ છે. નિશાની ૪/૧૯થી મોજે વડવા ભાવનગરનાં ખાતા નં.૮૬ના ગામ નમુના નં. ૮-અ ની નકલ રજુ કરેલ છે. નિશાની ૪/૨૦થી વાદી નં.૧નાં આધાર કાર્ડની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે. નિશાની ૪/૨૧થી ૧૨ ફોટોગ્રાફની ઝેરાક્ષ નકલ રજુ કરેલ છે. નિશાની ૪/૨૨થી જગદીશભાઇ હરીભાઇ ગોહીલનાંએ કલેકટરશ્રી, ભાવનગરને તા.૨૯/૧૨/૨૨નાં રોજ કરેલ અરજની નકલ રજુ કરેલ છે. નિશાની ૪/૨૩થી ચીટનીશ ટું કલેકટર, ભાવનગરનાંઓએ તા.૪/૧/૨૩નાં રોજ જગદીશભાઇ હરીભાઇ ગોહીલને લખેલ પત્ર ની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે.

જયારે પ્રતિવાદી નં. ૩ અને ૪ તરફે નિશાની ૨૯/૧થી હરીભાઇ મોહનભાઇ ગોહીલે રે.દી.મુ.નં.૨૯૬૩/૨૦૧૯નાં દાવાનાં આંક : ૫ની અરજી અને તે ઉપરનાં હુકમની નકલ રજુ કરેલ છે. જયારે પ્રતિવાદી નં. ૫નાં તરફે નિશાની ૩૧/૧થી બંદર અધિકારી ભાવનગરે પ્રતિવાદી નં. ૫ને લખેલ પત્રની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે. નિશાની ૩૧/૨થી પ્રતિવાદી નં.૫નાંએ સીકયુરીટી ડીપોઝીટ પટે અનુ.નં.૧નાં પત્રમાં જણાવયા મુજબ ભરેલ રકમની પહોંચની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે. નિશાની ૩૧/૩થી પ્રતિવાદી નં. ૫નાંએ રૂા.૨,૦૪,૦૦૮/-ની રકમ પ્રતિવાદી નં.૩ને જમા કરાવેલ તેની ઇનટીમેશન નોટ અને ટેક્સ ઇનવોઇસની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે. નિશાની ૩૧/૪થી પ્ર તિવાદી નં. ૫નાંએ જમા કરાવેલ રકમની પહોંચની ઝેરોક્ષ નકલ નિશાની ૩૧/૫થી પ્રતિવાદી નં. ૪નાંએ રોજકામ કરી પ્રતિવાદી નં. ૫ને ફાળવી આપેલ જગયાનું રોજકામની નકલ રજુ કરેલ છે. નિશાની ૩૧/૬થી ગુજરાત મેરીટાઇમ બોર્ડ બંદર અધિકારી ભાવનગર દ્વારા કરવામાં આવેલ ફાળવણીનાં હુકમની નકલ રજુ કરેલ છે. નિશાની ૩૧/૭થી પ્રતિવાદી નં. ૨ અને ૩નાંએ પ્રતિવાદી નં.૫ની તરફેણમાં કરી આપેલ લોનગ એગ્રીમેનટની નકલ રજુ કરેલ છે.

સદરહું કામે પક્ષકારોનાં વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળવામાં આવેલ છે જેની જરૂર પડે ચર્ચા કરવામાં આવેલ છે.

(૩) સદર કામે રજુ થયેલ તમામ હકીકતો તથા મનાઈ અરજી તથા દાવાનો જવાબ ધ્યાને લેતા અરજીના નિકાલ માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયા છે.

(૪) **–:: મુદ્દા ::–**

(૧) શું વાદી માંગ્યા મુજબનો દરમિયાન મનાઈ હુકમ મેળવવા હકકદાર છે ?

(૨) શું હુકમ ?

**નિર્ણયો :–**

ઉપરોકત મુદ્દાના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**–:: કારણો ::–**

(પ) **મુદ્દા નં.૧**

મનાઈ હુકમ આપવો કે ન આપવો એ અદાલતની વિવેકાધિન સત્તા છે પરંતુ આ સત્તાનો ઉપયોગ પૂરતા કારણો અને ન્યાયિક અને કાયદાકીય સિધ્ધાંતોથી સમર્થનકારક હોવો જોઈએ. મનાઈ હુકમ આપવાથી જો સામા પક્ષકાર મુશ્કેલીમાં મુકાઈ જાય તો તેવી સત્તાનો ઉપયોગ કરી શકાય નહી અને મનાઈ હુકમ માંગનારે પોતે હકીકત અને કાયદાકીય સિધ્ધાંતોથી મજબુત પ્રથમદર્શનીય કેસ ધરાવે છે તે હકીકત પ્રાથમિક રીતે અદાલત સમક્ષ લાવવી જોઈએ એટલું જ નહી પરંતુ પક્ષકારો વચ્ચેની તકરાર પણ શુધ્ધબુધ્ધિપૂર્વકની હોવી જોઈએ. કેટલીક વખત એવું બને છે કે બંને પક્ષકારો તરફથી સાચી હકીકત કોર્ટના રેકર્ડ ઉપર લાવવામાં આવતી નથી અથવા તો સાચી હકીકતોના બદલે તેમાં અતિશયોકિત અથવા ન્યુનતાપૂર્વકની અથવા તો અધુરી વિગત અદાલતના રેકર્ડ ઉપર લાવવામાં આવતી હોય છે અગર તેવા સંજોગોમાં મનાઈ હુકમ આપવામાં આવે અથવા ન આપવામાં આવે ત્યારે સામા પક્ષકાર મુશ્કેલીમાં મુકાતા હોય છે. બલ્કે અન્ય દાવા દુવીના પ્રકરણો ઉપસ્થિત થાય છે અને કેટલીક વખત એવું બને છે કે, અદાલતમાં ન્યાયની માંગણી કરવા આવનાર ઈસમ ન્યાય મેળવવાના પ્રાથમિક તબકકે જ નિષ્ફળતા મેળ વે છે અને તેના પરીણામે અન્ય દાવા–દુવીના પ્રકરણોમાં તેને ઉતરવું પડે છે. પ્રથમ દર્શનીય કેસનો અર્થ એવો નથી કે તે માંગનારે એટલે કે વાદીએ તેનો કેસ સાબિત કર્યો છે એટલે કે તેઓ ખૂબ જ મુશ્કેલીમાં છે તેથી તેઓ હુકમ મેળવવા હકકદાર છે. વાદીએ પ્રથમ દર્શનીય કેસ પુરવાર કરવા માટે ભારતીય પુરાવા ધારાના સામાન્ય સિધ્ધાંતો સાથે સંબંધિત કાનૂની પ્રબંધોથી તેવી હકીકતોને અનુમોદન મળવું જોઈએ. માત્ર પ્રથમ દર્શનીય કેસની હાજરી માત્રથી જ વાદી તેવો હુકમ મેળવી શકે નહી, બલ્કે ગંભીર નાણાંકીય નુકશાન કે જે વળતર આપવાથી પણ ભરપાઈ થઈ શકે તેમ નથી તેવું સાબિત કરવું જોઈએ તેની સાથે મનાઈ હુકમ મેળવવા સિવાય બીજો વિકલ્પ નથી તેવું પણ બતાવવું પડે વળી બં ને પક્ષકારોની સરખામણીએ મનાઈ હુકમથી કયાં પક્ષકારને અગવડ પડશે તે તરફે ઘ્યાન દોરવાનો તેમનો પ્રયત્ન રહેવો જોઈએ. બીજો સિધ્ધાંત એવો છે કે, મનાઈ હુકમથી વાદીને તેઓના અધિકારો ઉપર જે તરાપ પડે છે તે તરાપ સામે અગર રક્ષણ આપવામાં ન આવે તો તેઓનો દાવો નિષ્ફળ જશે અથવા દાવાનો હેતુ માર્યો જશે તેથી તે ત્વરીત દાદ મેળવવા હકકદાર છે તેવું બતાવવું પડે. આ પ્રકારનું રક્ષણ આપવાથી સામા પક્ષને અથવા તો અન્ય બીજા કોઈ પણ પક્ષને અન્યાય ન થાય તે પણ જોવાની અદાલતની ફરજ છે અને તે રીતે અદાલતે ન્યાયિક સંતુલન જાળવવાનું રહે છે.

(૬) ઉપરોકત કાયદાકીય સિધ્ધાંત ધ્યાને રાખી બંને પક્ષકારોની હકીકતો તથા રજુ દસ્તાવેજો ધ્યાને લેતાં પ્રથમ દર્શનીય જોઈએ તો,

વાદીની વાદ હકીકત મુજબ વાદીઓનાં પુર્વજોને માછીમારીનાં વ્યવસાય માટે ભાવનગરનાં જુના બંદર તરીકે ઓળખાતા વિસ્તારમાં સર્વે નં.૪૪૭ જુના વડવાની જમીન માંહે થી માછીમારી અને તમરીયાનાં હેતું માટે હે.૯-૨૯૦-૩ ચો.મી. જમીન ફાળવવામાં આવેલ અને તે અંગે સરકારશ્રી દ્વારા સને ૧૯૬૩માં એલોટમેન્ટ લેટર આપવામાં આવેલ જે નિશાની ૪/૧થી રજુ કરવામાં આવેલ જણાવેલ છે જે જોતાં તે પોર્ટ ઓફીસર, ભાવનગર તરફથી તા.૧૨/૭/૧૯૬૩નાં એલોટમેનટ ઓર્ડરની ઝેરોક્ષની નોટરી રૂબરૂની ખરી નકલ રજુ કરેલ છે જેમાં ૯-૨૯૦-૩ ચો.મી. (૧૦૦ ક.ફુટ) જણાવેલ છે કે જેમાં નામમાં નાનુ ગંભીર જણાવેલ છે જે તા.૧/૪/૧૯૬૩ થી તા.૩૧/૦૩/૧૯૬૪ સુધીનાં માટે રૂા.૫.૪૦નાં ભાડેથી આપવામાં આવેલ હોવાનું જણાવેલ છે જયારે વાદી નં. ૧ ગુજ.નાનુભાઇ ગંભીરભાઇનાં હિનદુ અવિભકત કુટુંબનાં કર્તા તરીકે અને વાદી નં.૨/૧ અને ૨/૨ નાંઓ ગુજ. દિયાળભાઇ ગંભીરભાઇનાં વારસો તરીકે હાલનો દાવો કરેલ છે જયારે તે અંગે કોઇ પેઢીનામું તે અંગેનાં કોઇ પ્રથમદર્શનીય દસ્તાવેજો રજુ રાખેલ નથી. જયારે વાદીનાં પુર્વજે લીઝની રકમની ભરપાઇ કરી આપેલ હોય તેવો પણ કોઇ પ્રથમદર્શનીય રેકર્ડ ઉપર હાલનાં તબકકે જણાય આવતું નથી અને ત્યારબાદ થી વાદીઓનો સતત કબજો ભોગવટો ચાલી આવેલ હોય તે પણ રજુ દસ્તાવેજો જોતાં પ્રથમદર્શનીય જણાતું નથી. જયારે વાદીએ ભાવનગરનાં જુના બંદર તરીકે ઓળખાતા વિસ્તારમાં સર્વે નં.૪૪૭ જુના વડવાની જમીન માંહે થી માછીમારી અને તમરીયાનાં હેતું માટે હે.૯-૨૯૦-૩ ચો.મી. જમીન ફાળવવામાં આવેલ જણાવેલ છે જયારે નિશાની ૪/૧માં ૯-૨૯૦-૩ ચો.મી. (૧૦૦ ક.ફુટ) જણાવેલ છે જે જોતાં પણ વાદીની હકીકત પ્રથમદર્શનીય જણાતી નથી. જયારે નિશાની ૪/૨થી પ્રતિવાદી નં.૪નાં એ વાદી નં.૧ને લખેલ પત્રની નકલ રજુ કરેલ છે જેમાં પણ નાનું ગંભીરને તમરીયાનાં સંગ્રહ(લાકડુ) માટે તા.૧/૪/૧૯૬૩ થી તા.૩૧/૩/૧૯૬૪ માટે ફકત હંગામી ધોરણે બંદર ખાતા તરફથી ફકત ૯-૨૯૦-૦૩ ચો.મી એટલે કે ફકત ૧૦ ચો.મી જગયા વાર્ષિક રૂા.૪.૫૦પૈસાનાં વાર્ષિક દરે ફાળવવામાં આવેલ હોવાનું જણાવેલ છે. જયારે નિશાની ૪/૩થી ૪/૧૬થી રજુ દસ્તાવેજો દયાને લેતાં તે તમામ પત્ર વયવહાર રજુ કરવામાં આવેલ જે દયાને લેતાં તે વાદીઓ દાવાવાળી મીલકતનાં સતત કબજો ભોગવટામાં ચાલી આવેલ હોય કે તે પ્રતિવાદી નં. ૪નાંઓને કોઇ હકક અધિકાર ન હોવા છતાં નોટીસ ગેરકાયદેસર આપેલ હોય તેવું પ્રથમદર્શનીય જણાતું નથી. તથા પ્રતિવાદી નં. ૫ને ફાળવવાનો હુકમ તા.૫/૮/૨૨નો ગેરકાયદેસર હોય તેવું પ્રથમર્શનીય જણાતું નથી જયારે વાદીએ તેમનાં વડીલ / પુર્વજ નાનું ગંભીરને તમરીયાનાં સંગ્ર

હ(લાકડુ) માટે તા.૧/૪/૧૯૬૩ થી તા.૩૧/૩/૧૯૬૪ માટે ફકત હંગામી ધોરણે બંદર ખાતા તરફથી ફકત ૯-૨૯૦-૦૩ ચો.મી એટલે કે ફકત ૧૦ ચો.મી જગ્યા વાર્ષિક રૂા.૪.૫૦પૈસાનાં વાર્ષિક દરે ફાળવવામાં આવેલની હકીકત ની જમીનનાં ક્ષેત્રફળમાં હે.૯-૨૯૦-૦૩ ચો.મી નું બતાવી ચોખ્ખા હાથે કોર્ટમાં આવેલ ન હોવાનું પ્રથમદર્શનીય જણાય છે જે હકીકત જોતાં જે વ્યકિત કોર્ટમાં કોઇ તકરાર લઇને આવે અને કોર્ટમાંથી તેઓ તેમની તરફેણમાં મનાઇ હુકમની માગણી કરે તો તે વ્યકિતને કોર્ટમાં ચોખ્ખા હાથે આવવું જોઇએ અને તે વ્યકિત કોર્ટમાં સાચી હકીકત છુપાવતાં હોય અને કોર્ટની હકુમતનો ગેરલાભ લેવા માંગતાં હોય તો તે વ્યકિત કબજામાં હોય તો પણ તેવો કોઇ મનાઇ હુકમ મેળવવવા હકકદાર બનતાં નથી. જયારે દાવાવાળી જમીનનું નિશાની ૪/૧નાં પત્રમાં દર્શાવ્યા મુજબનું કોઇ ભાડુ ભરવામાં આવ્યા અંગેની કોઇ પહોંચ વાદીએ રજુ કરેલ નથી અને ત્યારબાદ શરૂ કરી દાવો દાખલ કર્યો ત્યાં સુધીનાં સમય સુધીમાં વાદીએ કોઇ ભાડુ ભર્યુ હોય તો તેનો કોઇપણ દસ્તાવેજી આધાર પુરાવો રજુ રાખેલો નથી. તા.૩૧/૩/૬૪ પછી જમીન વાદીને કે વાદીનાં કોઇ પુર્વજોને ફાળવણી કરી રીન્યુ કરવામાં આવેલ હોય તો તે અંગે કોઇપણ દસ્તાવેજી પુરાવો તેઓએ રજુ રાખેલ નથી. જેથી વાદીએ તેમનો સતત કબજો તેમનાં પુર્વજ નાનુ ગંભીરભાઇને ફાળવવામાં આવેલ ત્યારેથી આજદીન સુધી સતત ચાલી આવેલ હોય તેવું પણ પ્રથમદર્શનીય રજુ પુરાવો તથા હકીકતો થી જયાં સુધી આ અરજીનાં નિકાલનો પ્રસ્ન છે ત્યાં જણાય આવતું નથી. જેથી હાલનો દાવામાં જણાવેલ હકીકત મુજબ વિરુધ્ધ કબજાથી માલીક થયેલાની હકીકત પણ પ્રથમદર્શનીય જણાતી નથી. આમ, પક્ષકારોની હકીકતો રેકર્ડ ઉપરના રજુ દસ્તાવેજો જોતાં તથા વાદીની દાદ હકીકતો જોતાં તેમાં શું પ્રશ્નનો નિકાલ થવાનો છે જે તમામ સંજોગો ધ્યાને લેવામાં આવે તો વાદીનો પ્રથમ દર્શનીય કેસ ફલિત થતો નથી તથા પ્રતિવાદીના દુષ્કૃત્ય સામે વળતર અપૂરતું હોય કે વળતર મળી શકે તેમ ન હોય તેવું નુકશાન કરવાની ધમકી પ્રતિવાદી અમલમાં મૂકશે તેવી દહેશત કે ભયથી તેને અટકાવવાની જરૂર હોય મનાઈ હુકમની માંગણી સિવાય તેના માટે બીજી કોઈ ન્યાયી દાદના વિકલ્પ નથી કે જેથી તે પોતાના હકકનું રક્ષણ કરી શકે અને ઉભા થયેલા કે થતા નુકશાનને કે નુકશાનના ભયને અટકાવી શકે અને તેના રક્ષણ માટે અદાલતનો હસ્તક્ષેપ નિઃશંકપણે જરૂરી હોય તેવું પ્રથમદર્શનીય જણાતું ન હોય . તદુપરાંત કામ ચલાઉ મનાઈ હુકમ મંજુર કરવામાં આવે તો તે મનાઈ હુકમથી કોને વધુ પ્રતિકૂળ અસર પડે અને કોને વધુ અનુકૂળ અસર પડે તો તેનો પરસ્પર વિચાર કરીએ તો તેવી સમતુલા વાદીની તરફેણમાં જણાતી ન હોય .જેથી મુદ્દા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં.૨ અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

૧. વાદીની હાલની આંક ૫ ની દરમ્યાન મનાઈ અરજી આથી **" નામંજુર "** કરવામાં આવે છે.

૨. આ અરજીનો ખર્ચ દાવાના આખરી પરીણામને અનુસરશે.

હુકમ આજ તારીખ–૫, માહે– એપ્રિલ, સને–૨૦૨૪ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૫/૦૪/૨૦૨૪

**( રાજેશ માંદીયાભાઇ ધોડી )**

છઠાં એડીશનલ સીનીયર સીવીલ જજ, ભાવનગર

કોડ નં.જીજ-૦૧૧૭૫